ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




"જમાવટ છે સાહેબ... જમાવટ"

"શાની જમાવટ લાવ્યા..? તહેવારોની..? વરસાદની..? કે રાજકારણની..?!"

"સાહેબ... અત્યારે તો તહેવારોની જમાવટ છે... રાજકારણને મુકો એક બાજુ..!"

"માનવમાત્ર ઉત્સવપ્રિય હોય છે... એ જગત સત્ય છે... અને એટલે જ જીવનને જીવવા કરતાં જીવનને ઉજવવું જોઈએ એમ આપણે માનીએ છીએ..."

"... સમજાયુ નહિં સાહેબ... આ ઊંચી ઊંચી વાતોમાં... સમજાય એવું બોલો તો ખબર પડે... બાકી અમારે તો સાતમ-આઠમના તહેવાર... એટલે તહેવાર..."

"સાતમ...આઠમ એટલે ખાલી મેળે જ જવાનું ?! કે બીજું કંઈ ખરૂ..?!"

"ના સાહેબ ના હોં... બીજુ કાંઈ નહિં... તમે જે કહેવા માંગો છો એવું કાંઈ નહિ... આપણે તો સીધા સાદા માણસ... અને અમને કાંઈ પત્તા રમતા આવડે નહિ..."

"હં...હં...હં... એને જુગાર કહેવાય એવું તો સમજો છો ને..?! ને યુગોથી ચાલી આવતી આ પરંપરા છે, જુગારને ભલે પ્રતિકાત્મક રીતે આપણે રમત ગણતા હોય પણ એ માનસિકતા છે..!"

"એટલે... એટલે... એટલે..."

"એટલે... એટલે... શું ?! જીવનમાં ડગલે ને પગલે માણસ દાવ ખેલે છે... ક્યારેક અવળો પડે, ક્યારેક સવળો પડે... પણ એને સકારાત્મક દષ્ટિથી કહેવું હોય તો એને સાહસવૃત્તિ કહેવાય છે... બાકી તો ખેલ એજ બધે ચાલે છે... જ્યાં અવઢવ આવે... જ્યાં હાર-જીત આવે... જ્યાં દાવ આવે અને જ્યાં સાહસ આવે... ત્યાં ત્યાં જુગારની માનસિકતા આવે ને આવે જ."

"એનો અર્થ એવો થયો કે સાહસિક બનવું જ નહિ..?!"

"એવું નથી... આ રાજકારણ.. આ ક્રિકેટની મેચ... ઈનામના ડ્રો... શેર બજાર... સટ્ટા બજાર... આ બધી સુધારેલી આવૃત્તિઓ છે..!! પણ એનો વિવેકપૂર્ણ ઉપયોગ જીવનને બદલી શકે છે."

"ખરૂ કહો છો તમે હોં...!! વાત તહેવારની હતી અને તમે વાત લઈ ગયા જીવનઘડતર સુધીની..!"

"હા... સાહેબ હા... પર્વો ને પ્રસંગો પણ જીવનની પાઠશાળા છે... પાંચમે ઉપવાસ કરવો... છઠ્ઠે સ્વાદિષ્ટ રસોઈઓ બનાવવી... સાતમે ઠંડુ ખાવું... આઠમે કૃષ્ણ જન્મોત્સવ ઉજવવો... આ બધા જ જીવનના સંદેશ આપતા પર્વો છે."

"વાત સાવ સાચી છે સાહેબ..!! ક્ષેત્રપાલની પૂજા કરી... ઉપવાસના માધ્યમથી જાતને સંયમીત કરવાની... અવનવા સ્વાદની સાથે ઠંડા ગરમના ભેદને ભુલવાની ક્ષમતા કેળવવી... અને પૂર્ણ પુરૂષોત્તમ અર્થાત પુર્ણતા પ્રતિ ગતિ માટે ઉલ્લાસ પ્રગટાવવો... નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી... હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી..! એટલે દિવ્યતા એ ખરી અને ભવ્યતા એ ખરી..! પર્વોની પાઠશાળામાંથી દિવ્ય અને ભવ્ય જીવનના પાઠ શીખવાના છે... ચરિતાર્થ કરવાના છે... એજ પર્વોનો મર્મ અને મહિમા છે."

- નિમિત્ત માત્ર



મેરે દેશકી ધરતી... - પાટનગરના પાદરે ખેતરે - ખેતરે લહેરાતી ખેતી નયનરમ્ય દશ્ય સર્જે છે... ચિલોડા વિસ્તારમાં સંતોષકારક વરસાદથી ખેડૂતો વાવણીમાં કાર્યરત બન્યા છે... ડાંગર-કપાસની ખેતી સારી થશે એવા વાવડ વર્તમાન મંદીને ધીરી પાડે છે... રજાના દિવસોમાં સમય મળે તો એકાદ વખત હરિયાળી ખેતીને માણવા ગ્રામ્ય વિસ્તારમાં જવા જેવું તો ખરું જ... આંખને અને મનને ટાઢક મળશે...

# જિલ્લામાં સ્વાઈન ફ્લુનો હાહાકાર

## જિલ્લામાં બે દિવસમાં સ્વાઈન ફ્લુના ૧૨ કેસ : જિલ્લામાં કુલ આંક ૩૮ થયો : ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ કેસ તો ગાંધીનગરમાં ૧૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં બે જ દિવસમાં સ્વાઈન ફ્લુના ૧૨ કેસ નોંધાયા છે. જેમાં ૬ કેસ ગ્રામ્ય વિસ્તારમાં તો ૬ કેસ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોંધાતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શરદી, સળેખમ જેવુ જણાય તો લોકોને મોઢા પર રૂમાલ રાખવા તેમજ અનિવાર્ય ના હોય તો ભીડભાડ ધરાવતા વિસ્તારોમાં જવાનું ટાળવા તંત્રએ લોકોને અપીલ કરી છે.

જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફ્લુના કેસોને પગલે તંત્રએ સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવાનો પણ નિર્ણય કર્યો છે. આજે મુખ્યમંત્રીની વિડીયો કોન્ફરન્સ સંપન્ન થયા બાદ જિલ્લાના ટોચના અધિકારીઓની પણ એક ખાસ બેઠક મળી હતી અને જેમાં જિલ્લાની સ્થિતિ અંગે સમીક્ષા હાથ ધરી હતી.

જિલ્લામાં સર્વેલન્સ સઘન બનાવવા સાથે તમામ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા અને દરેક તાલુકા મથક પર આયુર્વેદિક ઉકાળાઓનું વિતરણ થાય તે જોવા અને વ્યવસ્થા ઉભી કરવાનો મહત્વનો નિર્ણય આ સમીક્ષા બેઠકમાં લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૩૮ પર પહોંચી છે. જેમાં બે દિવસમાં ૧૨ કેસ નોંધાયા હોવાથી આરોગ્ય તંત્ર ચિંતાતુર બની જવા પામેલ છે.

સ્વાઈન ફ્લુથી બચવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવા ઉકાળાનું સેવન કરવાની વાતો પણ સોશ્યલ મિડિયામાં વહેતી થઈ જવા પામી છે. અમૃત ઉકાળો પીઓ અને સ્વાઈન ફ્લુ ભગાવો... સ્વાઈન ફ્લુથી બચવા માટે શુ કરશો જેવી બાબતો પણ સોશ્યલ મિડિયામાં પ્રસાર પામી રહી છે.

### શહેરના સે. ૬, ૧૩ અને ૨૩માંથી પણ સ્વાઈન ફ્લુના કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાંથી પણ આજે વધુ ૩ કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ મળી આવ્યા છે. આ કેસો સે. ૧૩, ૨૩ અને ૬માંથી મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં આ ૩ કેસ સાથે સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા વધીને ૧૦ પર પહોંચી છે. જેમાં છેલ્લા બે દિવસમાં જ ૬ કેસ નોંધાતા આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

ગાંધીનગરના સે. ૨૩માં એક ૬૦ વર્ષીય વૃદ્ધને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ પરીક્ષણ દરમ્યાન જણાઈ આવેલ છે. આ સાથે શહેરમાં નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે એક ખાનગી લેબોરેટરીના પરીક્ષણમાં આ ૬૦ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો હતો અને તેમને સારવાર માટે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. હાલ દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ અન્ય કોઈ દર્દી તાવ કે શરદી-ખાંસી વાળુ નહિ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાં મીની વેકેશનનો માહોલ

# સંખ્યાબંધ પરિવારો ધાર્મિક સ્થાનોના પ્રવાસે

## વોટસ એપ પર ખોટા મેસેજીસ ફરતા થયા : સોમવારે બેંકો ચાલુ રહેશે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં સાતમ આઠમના તહેવારો વચ્ચે સૌ મીની વેકેશનની મજા માંણવામાં વ્યસ્ત છે. શનિવાર મંગળવાર દરમિયાન સોમવારને બાદ કરતા રજાઓ હોવાથી કર્મચારીઓ વેકેશન માંણવા માટે બહારગામની વાટ પકડી છે. જો કે સોમવારે ઓફિસોમાં રજા નથી પરંતુ એક રજા મુકી સળંગ મીની વેકેશન માંણવાનુ આયોજન પણ થઈ ચુક્યુ છે. જયારે સોમવારે બેંકોમાં રજા હોવાના મેસેજીસ વોટસએપ પર ફરતા થયા છે. પરંતુ સોમવારે બેંકો ચાલુ હોવાથી આ અફવા તરફ ધ્યાન ન આપવુ પણ સલાહભર્યુ છે.

સાતમ આઠમના તહેવારોની રજાના લીધે નગરના જનજીવનમાં પણ ધમધમાટ જોવા મળી રહયો છે. બજારમાં પણ ભીડ જામી છે. જયારે નગરજનો મીની વેકેશન માંણવાના મુડમાં છે. તહેવારોની રજાના લીધે નગરના ઘણાંખરા પરિવારજનોએ બહારગામની વાટ પકડી છે. શનિ રવિ ઉપરાંત મંગળવારે આઠમની પણ રજા હોવાથી સોમવારની રજા મુકી બહાર જનારા કર્મચારીઓની સંખ્યા પણ વિશેષ છે. શાળા કોલેજોમાં પણ છુટ્ટીઓ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ વેકેશનન મુડમાં છે. હાલ વોટસ એપ પર સોમવારે બેંકો બંધ રહેશે તેવા ખોટા મેસેજીસ ફરી રહયા છે. જો કે સોમવારે બેંકો ચાલુ રહેવાની હોવાથી નાગરિકોએ અફવામાં નહીં દોરાવવા પણ સુચવાયુ છે.




સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા

સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

સત્યગુરૂ ઈતના દીજીએ જ્યાં મેરા કુટુંબ સમાય
મેં ભલા ભુખા રહુ મેરા સંત ભુખ્યા ન જાય.

આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છૂએ.

જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એ જ અભ્યર્થના

આપના અત્માને કોટિ કોટિ વંદન...

લિ.

નારણભાઈ બી. ચુડાસમા

જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)

દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)

માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)

નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)

માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)

# ધારીસણા-નાંદોલ અને જમિયતપુરામાંથી પણ એક-એક સ્વાઈન ફ્લુના કેસ મળ્યા

### જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૨૮ પર પહોંચી : જમિયતપુરામાં મહિલા દર્દી તો નાંદોલ-ધારીસણામાં બે યુવાનો સપડાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ત્રણ સ્વાઈન ફ્લુના કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૨૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના ધારીસણા ગામનો એક યુવક સ્વાઈન ફ્લુમાં પટકાયો છે. આ યુવક ૧૦મીએ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. જ્યાં તેને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

આ ઉપરાંત નાંદોલમાં પણ અન્ય એક યુવકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. તે ગાંધીનગર જિલ્લાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ છે.

ગાંધીનગર તાલુકાના જમિયતપુરામાં પણ એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાઈ આવેલ છે. જે હાલ સારવાર હેઠળ છે.

આરોગ્યતંત્ર દ્વારા આ ત્રણેય દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે તેમજ કોન્ટેક્ટ પર્સનને સર્વેલન્સમાં આવરી લઈ તેમને પણ ટેમીફ્લુ ટેબ્લેટ આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા સતત વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લા કક્ષાએથી સર્વેલન્સને સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

ઓગષ્ટ મહિનામાં જ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા બે આંકડામાં થઈ જવા પામી છે. ગઈકાલે પણ ગ્રામ્ય વિસ્તારમાંથી ત્રણ કેસ મળ્યા હતા અને આજે પણ વધુ ૩ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. જે રીતે ગ્રામ્ય વિસ્તારમાં કેસો છુટાછવાયા મળી રહ્યા છે તે ખુબજ ચિંતાનો વિષય હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી બચવા માટે અને ભયની લાગણી દૂર થાય તે માટે જાહેર સ્થાનો પર હોર્ડિંગ્સ મુકવાની દિશામાં પણ કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### વરસાદી વાદળોમાં સુરજની લુપાછુપી વચ્ચે

# શહેરમાં શ્રાવણના સરવરિયાથી ભીંજારો

## ગાંધીનગરમાં સિઝનનો ૩૮ ઇંચ વરસાદ : રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે શ્રાવણના સરવરિયા વરસતા વરસાદી માહોલ યથાવત

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં સિઝનના એવરેજ વરસાદની સાપેક્ષમાં સો ટકા વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી સિઝનનો ૩૮ ઈંચ વરસાદ થઈ ચુક્યો છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે તડકી છાયડીના માહોલમાં શ્રાવણના સરવરિયા વરસતા નગરમાં ભીંજારાની ઋતુ યથાવત છે. શહેરમાં વરસાદ રોજબરોજ ડોકીયુ કરી જાય છે. જયારે વાદળિયા વાતાવરણમાં તડકી છાયડીના માહોલ વચ્ચે સુરજદાદા સંતાકુકડી રમતા વાદળિયા વાતાવરણનો પ્રભાવ યથાવત છે. આજે પણ સવારે શ્રાવણી સરવરીયા વરસતા માર્ગો ભીંજાઈ ગયા હતા.

સમગ્ર રાજયમાં અતિવૃષ્ટીના સંજોગોમાં ચોમાસુ સાનુકુળ રહેતા મોટાભાગના વિસ્તારમાં સિઝનનો વરસાદ થઈ ગયો છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ મોસમનો સામાન્ય વરસાદ ૨૫ થી ૨૮ ઈંચ નોંધાય છે. આ વખતે શ્રાવણ મહીનાના પ્રારંભ પુર્વે જ મોસમનો સો ટકા વરસાદ થઈ જતા ખેડુતોએ આકાશ તરફ મીટ માંડવાની અનિવાર્યતા રહી નથી જયારે ભારે વરસાદના અંતે પણ રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે મેહુલિયો હાઉકલી કરી જાય છે. વરસાદ છાંટણા વરસાવી હાજરી પુરાવી જતા નગરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. શહેરમાં અત્યારસુધી સિઝનનો ૯૫૮ મી મી વરસાદ થઈ ચુક્યો

● અનુસંધાન પાન-૭ પર











ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com